તેજી હોય કે પછી મંદી
બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક પ્રવાહો
તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને તાદશ્ય રજૂ
કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી સલાહ સાથે
અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક
ધી ઇકોનોમિક રેવલ્યૂશન
ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ
વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in
email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi

Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું કાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

# નિર્મલ મેટ્રો

તંત્રી : નરેન્દ્ર જી. જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

NIRMAL METRO

Wednesday
24.04.2024
Year 12, Issue 105

દૈનિક

● વર્ષ : ૧૨ ● અંક : ૧૦૫ ● તા.૨૪.૦૪.૨૦૨૪ ● બુધવાર ● આદ્ય સહતંત્રી : સ્વ. દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, જય મંગલ બીઆરટીએસ બસ સ્ટોપ સામે, ૧૩૨' રીંગ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મો. : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

● Year : 12 ● Issue : 105 ● Date : 24.04.2024 ● Wednesday ● Editor : NARENDRA G. JOSHI ● Page - 4 ● Price : Rs. 1/- ● Annual Sub - 300.
Regd. Office : H-115/991, Nirmal Appartments, Opp. Jaymangal BRTS Bus Stop, 132' Ring Road, Naranpura, AHMEDABAD-380 063. ● Mo. 98250 65387

રાજસ્થાનના સવાઈ માધોપુરમાં વડાપ્રધાન મોદીએ ફરી કર્યો પ્રહાર

# કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવા ગુનો ગણાય છે

## કોંગ્રેસ હંમેશાં એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે

એજન્સી દ્વારા

સવાઈ માધોપુર, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ચૂંટણી રેલીમાં આરોપ કર્યો હતો કે કોંગ્રેસના રાજમાં હનુમાન ચાલીસા સાંભળવી પણ અપરાધ બની જાય છે. તેમણે કોંગ્રેસ પર તીખા આરોપો કરવાનું ચાલુ રાખ્યું હતું અને કહ્યું કે કોંગ્રેસ હંમેશા એસસી, એસટીના અધિકારો છીનવી લેવાનો પ્રયાસ કરે છે. તેમણે કહ્યું કે હું બાબા સાહેબ આંબેડકરને પૂજું છું. આ દેશમાં કોંગ્રેસ જાતિના નામે નહીં, પરંતુ ધર્મના નામે અનામત આપવા માગતી હતી.રાજસ્થાનમાં ટોંક- સવાઈ માધોપુર ખાતે એક ચૂંટણી સભામાં મોદીએ જણાવ્યું કે કોંગ્રેસ જે રાજ્યમાં સત્તા પર હોય ત્યાં કોઈ વ્યક્તિ હનુમાન ચાલીસા સાંભળે તો પણ તેના પર હુમલો કરવામાં આવે છે. તેમનો ઈશારો કર્ણાટક તરફ હતો જ્યાં એક દુકાનદાર પર હનુમાન ચાલીસા સાંભળવાના મુદ્દે હુમલો થયો હતો. તેમણે કહ્યું કે રાજસ્થાનના લોકો કોંગ્રેસનું શાસન સહન કરી ચૂક્યા છે. આ વર્ષે રામનવમીના દિવસે પહેલી વખત શોભાયાત્રા કાઢવામાં આવી હતી. રાજસ્થાન જેવા રાજ્યમાં જ્યાં લોકો રામ-રામનો મંત્રોચ્ચાર કરે છે ત્યાં કોંગ્રેસે



રામનવમી પર પ્રતિબંધ મૂક્યો હતો.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે હનુમાન જયંતિએ તમારી સાથે વાત કરતી વખતે મને એક ચિત્ર યાદ આવે છે. થોડા દિવસો અગાઉ કોંગ્રેસ શાસિત કર્ણાટકમાં એક દુકાનદારને એટલા માટે ફટકારવામાં આવ્યો કારણ કે તે દુકાનમાં બેસીને હનુમાન ચાલીસા સાંભળતો હતો. કોંગ્રેસની સરકારે રાજસ્થાનમાં સિરિયલ બ્લાસ્ટના આરોપીને બચાવવાનું પણ કામ કર્યું હતું. જો કોંગ્રેસ સત્તા પર આવશે તો તે પોતાના માટે ભ્રષ્ટાચારના નવા રસ્તા શોધી લેશે. કોંગ્રેસના શાસનમાં રાજસ્થાન મહિલા વિરુદ્ધ અપરાધોમાં નંબર વન હતું. કોંગ્રેસે વિધાનસભામાં બેશરમ થઈને કહ્યું હતું કે આ તો રાજસ્થાનની ઓળખ છે. "અરે ડૂબી મરો."

મોદીએ કહ્યું કે આપણે જ્યારે જ્યારે વિભાજિત થઈએ છીએ ત્યારે દેશના દુશ્મનો તેનો ફાયદો ઉઠાવે છે. રાજસ્થાનના લોકો સુરક્ષિત દેશ અને મજબૂત સરકારનું મહત્ત્વ સમજે છે અને તમે ૨૦૧૪ અને ૨૦૧૯માં ભાજપની મજબૂત સરકારને મત આપ્યો છે. તમે રાજસ્થાનમાં તમામ ૨૫ બેઠકો ભાજપને આપી છે. રાજસ્થાનમાં એકતા એ સંપત્તિ છે. આપણે જ્યારે જ્યારે વિભાજિત થયા છીએ ત્યારે દુશ્મનોએ તેનો ફાયદો લીધો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરની ચૂંટણી સભાઓમાં કોંગ્રેસ સામે આક્રમક આરોપો મૂકી રહ્યા છે. તાજેતરમાં તેમણે કોંગ્રેસના ચૂંટણીઢંઢેરાને નિશાન બનાવીને કહ્યું હતું કે "કોંગ્રેસ સત્તા પર આવશે તો બધાની સંપત્તિ એકઠી કરીને વધુ બાળકો પેદા કરનારા સમુદાયમાં, ઘૂસપેઠીયાઓમાં વહેંચી દેશે."પીએમ મોદીએ કહ્યું હતું કે ૨-૩ દિવસ પહેલા મેં કોંગ્રેસની આ વોટ બેન્ક અને તુષ્ટિકરણની રાજનીતિનો પર્દાફાશ કર્યો હતો. આનાથી કોંગ્રેસ અને તેની ઈકોસિસ્ટમ એટલી નારાજ થઈ ગઈ છે કે તેઓ દરેક જગ્યાએ મારી સાથે દુર્વ્યવહાર કરવામાં વ્યસ્ત છે. કોંગ્રેસ વોટબેંકની રાજનીતિમાં એટલી ડૂબી ગઈ છે કે તેને બાબા સાહેબના બંધારણની પણ પરવા નથી. કોંગ્રેસના ઢંઢેરામાં લખવામાં આવ્યું છે કે અમે તમારી મિલકતનો સર્વે કરીશું, અમારી માતા-બહેનો પાસે જે મંગલસૂત્ર છે તેનો સર્વે કરીશું. ત્યારે તેમના એક નેતાએ તો ત્યાં સુધી કહ્યું કે એક્સ-રે કરાવવામાં આવશે. પીએમએ કહ્યું કે વર્ષ ૨૦૧૧માં કોંગ્રેસે તેને સમગ્ર દેશમાં લાગુ કરવાનો પ્રયાસ કર્યો હતો.

એસસી/એસટી અને ઓબીસીને આપવામાં આવેલા અધિકારો છીનવીને, તેઓએ વોટ બેંકની રાજનીતિ માટે અન્યને આપવાની રમત રમી હતી. કોંગ્રેસે આ બધું બંધારણની મૂળ ભાવના વિરુદ્ધ હોવાનું જાણતી હોવા છતાં અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ કોંગ્રેસને બંધારણની પરવા નહોતી.

પીએમએ કહ્યું કે સત્ય એ છે કે જ્યારે કોંગ્રેસ અને ઈન્ડિયા ગઠબંધન સત્તામાં હતું ત્યારે તેઓ દલિતો અને પછાત વર્ગોના અનામતમાં કાપ મુકીને તેમની વિશેષ વોટ બેંક માટે અલગ અનામત આપવા માંગતા હતા. જ્યારે બંધારણ તેની વિરુદ્ધમાં છે. અનામતનો જે અધિકાર બાબા સાહેબે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓને આપ્યો હતો કોંગ્રેસ અને તેનું ગઠબંધન તેને ધર્મના આધારે મુસ્લિમોને આપવા માંગતા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસના આ ષડયંત્રો વચ્ચે મોદી આજે તમને ખુલ્લા મંચ પરથી ખાતરી આપી રહ્યા છે કે દલિતો, પછાત વર્ગો અને આદિવાસીઓ માટે અનામત ખત્મ પણ નહી થાય અને તેને ધર્મના નામે વિભાજિત થવા દેવામાં પણ આવશે નહીં.

---

સામાન્ય રીતે આપણે જોતા હોઈએ છીએ કે ઢીંગલીઓ એ બાળકોને ગમતી હોય છે. નાના બાળકો અલગ અલગ પ્રકારની ઢીંગલીઓથી રમતા હોય છે. પરંતુ આ ૫૯ વર્ષની મહિલા પાસે એક હજાર ચિનાઈ માટીની ઢીંગલીઓનો અનોખો સંગ્રહ છે. ખાસ વાત એ છે કે તે તમામ ડોલ્સને પોતાની દીકરીઓ માને છે. તેમના આ શોખ પણની એક અદભુત કહાની છે.

કોઈ પ્રિય વ્યક્તિના મૃત્યુ પછી લોકો તેની યાદમાં કોઈને કોઈ સ્મૃતિચિહ્ન બનાવે છે, પરંતુ એક મહિલાએ તેના પુત્ર જેવા મિત્રની યાદમાં એક અનોખો શોખ વિકસાવ્યો છે. તેની પાસે ૧૦૦૦ ચિનાઈ માટીની ઢીંગલીઓનું કલેક્શન છે. આજે સ્થિતિ એવી છે કે તેમનો મોટાભાગનો સમય આ સંગ્રહની સંભાળ રાખવામાં પસાર થાય છે. આ કલેક્શનની ખાસ વાત એ છે કે તે કહે છે કે આ શોખનો જન્મ તેમના એક દુઃખના કારણે થયો હતો.

દક્ષિણ આફ્રિકાના વેરેનિગિંગના લિન એમડિન વિવિધ પ્રકારની ૧૦૦૦ હજારથી વધારે ચિનાઈ માટીની ઢીંગલીઓ છે. અને આ બધી ઢીંગલીઓને તેના બગીચામાં એક વિશાળ શેડમાં પ્રેમથી બધી ઢીંગલીઓ



રાખી છે. ચાર બાળકોની માતા તેમને બધો પ્રેમ આપવામાં તેમને કસ્ટમ-મેઈડ કપડાં પહેરાવવા અને તેમના પર પરફ્યુમ છાંટવામાં કલાકો ગાળે છે.

લીન તેના પરિવારના ઓટો પાર્ટ્સ અને એસેસરીઝ બિઝનેસ માટે પણ કામ કરે છે. લિનને ઢીંગલીઓ ભેગું કરવાનું વળગણ આજથી ૨૦ વર્ષ પહેલાં શરૂ થયું હતું. જ્યારે કુટુંબના મિત્ર માઈકલ ટોલ્મેએ તેને તેના જન્મદિવસ માટે રોઝ નામની ચિનાઈ માટીની આપી હતી. બે મહિના પછી, માઈકલનું માત્ર ૨૧ વર્ષની ઉંમરે એક મોટરસાઈકલ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું.

તેમણે કહ્યું કે માઈકલ તેના પુત્રોનો શ્રેષ્ઠ મિત્ર હતો અને તે તેમનો પણ પુત્ર જેવો જ હતો. જ્યારે પણ તે રોઝને જુએ છે ત્યારે તેને માઈકલ યાદ આવે છે. ત્યારથી તેઓ ચિનાઈ માટીની ડોલ્સ પ્રત્યેનો પ્રેમ વધતો ગયો. તેમને આ ઢીંગલીઓ પ્રત્યે એટલો પ્રેમ આવતો હતો કે અને તેણે શક્ય હોય તે બધી જ જગ્યાએથી તેને એકત્રિત કરવાનું શરૂ કર્યું. એટલું જ નહિ તેઓ વિવિધ શોપિંગ સાઈટ્સ અને ફેસબુક માર્કેટપ્લેસમાંથી તેઓ ઢીંગલીઓને ખરીદીને બચાવે છે.

લીન ચાર પુત્રોની માતા છે અને કેટલીકવાર તેણીને લાગે છે કે તેમણે આ કલેક્શન કરવાનું એટલા માટે જ શરુ કર્યું છે કે તેણીને પુત્રીઓ ન હતી. જોકે તેમના પુત્રો તેમના આ સંગ્રહને જોઈને ચિડાઈ જાય છે. પરંતુ લીનના ૬૫ વર્ષીય પતિ રિક તેને પૂરો સાથ આપે છે. આ દંપતીને ખબર નથી કે તેઓએ સંગ્રહ પર કેટલો ખર્ચ કર્યો છે, પરંતુ તેઓ કહે છે કે ચીનાઈ માટીની આ ડોલ્સ પાછળ કઈ વધારે ખર્ચો નથી.

---

# હવે ૧૨ વર્ષ સુધીના બાળકની હવાઈ મુસાફરીને લઈ બદલાયો નિયમ

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૩

ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (DGCA) એ તમામ એરલાઇન્સ માટે નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. એવિએશન રેગ્યુલેટરે કહ્યું છે કે હવેથી ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને હવાઈ મુસાફરી દરમિયાન તેમના માતા-પિતાની બાજુમાં સીટ આપવી પડશે. DGCAએ મંગળવારે આ સંબંધમાં એક પરિપત્ર જાહેર કરીને તમામ એરલાઈન્સને આ નિયમને ફરજિયાતપણે લાગુ કરવા સ્પષ્ટપણે જણાવ્યું છે.DGCA દ્વારા હવાઈ મુસાફરી દરમિયાન બાળકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના પરિપત્રમાં નિયમનકારે જણાવ્યું હતું કે હવેથી તમામ એરલાઈન્સે એ સુનિશ્ચિત કરવું પડશે કે ૧૨ વર્ષ સુધીના બાળકોને તેમના માતાપિતા/વાલીઓમાંથી ઓછામાં ઓછા એકની સાથે બેઠકો ફાળવવામાં આવે, જેઓ એક જ પરિવારમાં હોય. આ સાથે તેનો સંપૂર્ણ રેકોર્ડ પણ રાખવામાં આવશે.

ઉડ્ડયન નિયમનકારે આ પગલું એક ફરિયાદ બાદ ઉઠાવ્યું છે જેમાં કહેવામાં આવ્યું હતું કે બાળકને તેના માતા-પિતા સાથે બેસવા દેવામાં આવતું નથી. હવે ડીજીસીએ દ્વારા જાહેર કરાયેલા ૨૦૨૪ના એર ટ્રાન્સપોર્ટ સર્ક્યુલર (ATC)-01 મુજબ, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકને તેના માતા-પિતાની બાજુમાં સીટ મળશે અને ખાસ વાત એ છે કે પેસેન્જર પાસેથી આ માટે કોઈપણ વધારાનો ચાર્જ વસૂલવામાં આવશે નહીં.

ડીજીસીએના મતે એરલાઈન્સ બાળકની સીટ માટે માતા-પિતા પર દબાણ ન લાવી શકે. જો વાલીઓએ ફ્રી સીટ અથવા ઓટો એલોકેશનનો વિકલ્પ પસંદ કર્યો હોય તો બાળક માટે બાજુની સીટની વ્યવસ્થા કરવી પડશે.બાળકોને તેમના પરિવારના સભ્યોની બાજુમાં સીટ આપવાના આદેશ સાથu DGCA એ એરલાઈન્સને ઝીરો બેગેજ, પસંદગીની સીટ શેરિંગ, ભોજન, પીણાં અને સંગીતનાં સાધનો લઈ જવાની મંજૂરી પણ આપી છે. DGCA એ સ્પષ્ટતા કરી છે કે આ સુવિધાઓ પસંદ કરવામાં આવી છે એટલે કે તે ફરજિયાત નથી. ઓટો સીટની સુવિધા પણ ઉમેરવામાં આવી છે, જેમાં એરલાઈન આપમેળે સીટો અસાઇન કરે છે અને જે પેસેન્જરોએ વેબ ચેક-ઈન દરમિયાન સીટ લીધી નથી તેઓને આપમેળે સીટો ફાળવવામાં આવશે.

---

બાબા રામદેવને સુપ્રિમ કોર્ટની ફટકાર

# બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણ વિરુદ્ધ ખોટી જાહેરાતને લઈને ઝાટકણી કાઢી

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૩

આજે સુપ્રીમ કોર્ટમાં આ એલોપેથી દવાઓ સામેની જાહેરાતો અને પતંજલિ આયુર્વેદ દ્વારા કરવામાં આવતી ભ્રામક દવાઓની જાહેરાતને લઈ કોર્ટની અમાનના અંગે સુનવણી હાથ ધરવામાં આવી હતી. સુણવણી દરમ્યાન યોગગુરુ રામદેવ બાબા અને પતંજલિ આયુર્વેદના એમડી આચાર્ય બાલકૃષ્ણ કોર્ટ રૂમમાં હાજર રહ્યા હતા. જેમાં જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચે સુનાવણી દરમ્યાન સવાલ કર્યો હતો કે ગઈકાલે માફી કેમ દાખલ કરવામાં આવી. તે પહેલાં થઈ જવી જોઈતી હતી. ત્યારે પતંજલિના વકીલ એક કોર્ટમાં જણાવ્યું કે પતંજલિએ ૬૭ અખબારોમાં માફી માગી છે. જેના કારણે કંપનીને ૧૦ લાખ રૂપિયા નો ખર્ચો થયો છે.જો વધુ માં કોર્ટે સવાલ કર્યો કે તમે તમારી બ્રાન્ડ ની જાહેરાત આપો છો તેટલી જ કદની માફી છે? શું તમે હંમેશા આ સાઈઝની જ જાહેરાત કરો છો? પતજલીના વકીલ દ્વારા જાહેરાત પાછળ લાખો રૂપિયા ખર્ચવાની રજુઆત કરી તો કોર્ટે તેની ચિંતા નથી તેવો જવાબ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટ ફરી એકવાર રામદેવ બાબા ની માફી સ્વીકારી નહિ અને કહ્યું કે આ કેસની સુનાવણી ૩૦ એપ્રિલે હાથધરવામાં આવશે જેમાં રામદેવ બાબા અને પતંજલિ ના એમડી બાલકૃષ્ણ ને હાજર રહેવું પડશે.સુનવણી દરમિયાન અરજી કરનારા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ને પણ સુપ્રીમ કોર્ટે ઠપકો આપ્યો હતો. કટે એલોપેથી ડોક્ટરો પર કથિત રીતે દર્દીઓને મોંઘી અને બિનજરૂરી દવાઓ લખવા પર નારાજગી પણ વ્યક્ત કરી હતી.જસ્ટિસ હિમા કોહલી અને જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહની બેંચ IMA ને તેનું ઘર વ્યવસ્થિત કરવા પણ ટકોર કરી હતી. સુપ્રીમ કોર્ટે દેશના આ સૌથી મોટા ડોક્ટર એસોસિએશનને ટકોર કરતા કહ્યું હતું કે તમારી તરફ પણ ચાર આંગળીઓ ઉઠાવવામાં આવી રહી છે. સુપ્રીમ કોર્ટે IMA ને દર્દીઓને આપવામાં આવતી મોંઘી અને બિનજરૂરી દવાઓ અંગેના કથિત, અનૈતિક કૃત્યો અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરવા આદેશ કર્યો હતો. કટે વધુમાં કહ્યું હતું કે આ મામલે અનેક ફરિયાદો પણ છે. આ સમગ્ર મામલો કોર્ટ સમક્ષ માત્ર પ્રતિવાદી એટલે કે પતંજલિ આયુર્વેદ પૂરતો મર્યાદિત નથી, પરંતુ અન્ય કંપનીઓ પણ લોકોને ગેરમાર્ગે દોરતી જાહેરાતો કરી રહી છે.

---

# પ્રથમ તબક્કામાં ઓછું મતદાન થતાં ભાજપ ભારે ચિંતાતુર

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૩

દેશભરના અનેક રાજ્યોમાં ૧૯ એપ્રિલના રોજ પ્રથમ તબક્કાનું મતદાન થયું હતું. જો કે આ પહેલા તબક્કાના મતદાને રાજકીય પક્ષોની ચિંતા વધારી છે. એમા પણ ખાસ કરીને ભાજપની ચિંતા વધી છે. મીડિયા રિપોર્ટ મુજબ પહેલા તબક્કાના મતદાનમાં નિરુત્સાહી મતદારો અને ઓછા મતદાનના મુદ્દા સોમવારે રાતે ભાજપની બેઠકમાં ચર્ચાયા. ઓછા મતદાન મુદ્દે થયેલી આ બેઠક સોમવારે મોડી રાત સુધી ચાલી હતી. બેઠકમાં જેપી નડ્ડા, અમિત શાહ અને રાષ્ટ્રીય મહામંત્રી હાજર રહ્યા. અત્રે જણાવવાનું કે સોમવારે ઉત્તર પ્રદેશના અલીગઢમાં પણ પોતાની એક રેલીમાં પીએમ મોદીએ ઓછા મતદાનનો ઉલ્લેખ કર્યો હતો.

પ્રથમ તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું જેમાં ૧૦૨ સીટ પર મતદાન થયું. પહેલા તબક્કામાં ફક્ત ૬૩ ટકા જેટલું મતદાન નોંધાયુ છે. આંકડા જોઈએ તો યુપીમાં આ વખતે સાત ટકા જેટલું ઓછું મતદાન થયું છે. યુપી જેવા અત્યંત મહત્વના રાજ્યમાં આટલું ઓછું મતદાન? એ જ રીતે બિહાર અને મધ્ય પ્રદેશમાં પણ ૬ ટકા જેટલું ઓછું મતદાન નોંધાયુ છે. જ્યારે પશ્ચિમ બંગાળમાં પણ ૪ ટકા મતદાન ઘટ્યું છે. હવે આ વખતે ઓછું મતદાન કોના માટે ફાયદો અને કોના માટે નુકસાન એ અલગ ચર્ચાનો વિષય છે. પરંતુ તેના મનોવૈજ્ઞાનિક પહેલુંને જોઈએ તો તે ભાજપની ઊંઘ ઉડાડવા માટે પૂરતું બની શકે છે.

ભલે વાતો થતી હોય કે પહેલા તબક્કાના મતદાન બાદ એનડીએ આગળ છે. વિપક્ષ તો દૂર દૂર સુધી ક્યાંય નથી. પરંતુ હવે જ્યારે ઓછું મતદાન થયું છે તો બધાના મનમાં એક પ્રશ્ન ઘૂમી રહ્યો છે કે આ ઓછું મતદાન કોને નુકસાન પહોંચાડશે. બહું આંકડામાં ન પડીએ તો પણ એટલું કહી શકીએ કે એક્સ્ટ્રિમ વોટિંગ એ પરિવર્તનનો સંકેત આપતું હોય છે. એક્સ્ટ્રીમ વોટિંગ એટલે કાં તો વધુ પડતું મતદાન થાય અથવા તો ઓછું મતદાન થાય.

બેઠક બાદ કાર્યકરો અને પેજ પ્રમુખોને સંદેશ આપવામાં આવ્યો છે. તેમને કહેવાયું છે કે મતદારોને ઘરમાંથી બહાર નીકળીને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે. મળતી માહિતી મુજબ આ બેઠકમાં જેપી નડ્ડા, અમિત શાહ અને રાષ્ટ્રીય મહામંત્રી હાજર રહ્યા હતા. સોમવારે યુપીના અલીગઢમાં પણ પીએમ મોદીએ રેલીમાં આ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ૨૦૧૪માં જ્યારે ભાજપ સત્તામાં આવ્યું હતું ત્યારે ૬૬ ટકા મતદાન થયું હતું. તે પહેલા ૨૦૦૯માં ફક્ત ૫૮ ટકા મતદાન થયું હતું.

જ્યારે ૨૦૧૯માં પણ મતદાન વધીને ૬૭.૪૦ ટકા થયું હતું. જો કે આ વખતે પહેલા તબક્કાનું મતદાન ફક્ત ૬૩ ટકા જોવા મળ્યું અને તેને લઈને હવે પાર્ટીમાં ચિંતાનો માહોલ પણ છે.

---

# લોકસભા ચૂંટણી માટે ભાજપ-કોંગ્રેસે ઉમેદવારોની કરી જાહેરાત

એજન્સી દ્વારા

જમ્મુ, તા.૨૩

ભાજપે લોકસભા ચૂંટણી ૨૦૨૪ને લઈને ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની જાહેરાત કરાઈ છે. આજે બંને પાર્ટીએ એક-એક ઉમેદવારના નામ જાહેર કર્યા છે. જેમાં લદાખના હાલના સાંસદ જમયાંગ સેરિંગ નામગ્યાલની ટિકિટ કાપી નાખી છે. મંગળવાર (૨૩ એપ્રિલ, ૨૦૨૪)એ પાર્ટી તરફથી આ બેઠક પર નવા ઉમેદવારના નામની જાહેરાત કરાઈ છે. ભાજપે ઉમેદવારની ૧૪મી યાદી જાહેર કરી છે. જેમાં ભાજપની CECએ આ બેઠક પર તાશી ગ્યાલસનના નામ પર મહોર લગાવી છે. પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અને હેડક્વાર્ટર પ્રભારી અરૂણ સિંહ તરફથી અપાયેલા નિવેદનમાં આ માહિતી અપાઈ છે.કારગિલ અને લેહ જિલ્લા સુધી ફેલાયેલા સંસદ ક્ષેત્રમાં લગભગ ત્રણ લાખ મતદાતાઓ છે. લદાખ બેઠક પર ઉમેદવારીની છેલ્લી તારીખ ૩ મે, ૨૦૨૪ છે. જ્યારે નામ પરત લેવાની છેલ્લી તારીખ ૬ મે છે. લોકસભા ચૂંટણીના પાંચમા તબક્કામાં ૨૦ મે, ૨૦૨૪ના રોજ મતદાન થશે.કોંગ્રેસે પટના સાહિબ બેઠક પર પૂર્વ સ્પીકર મીરા કુમારના દીકરા અંશુલ અભિજીતને મેદાનમાં ઉતાર્યા છે. પાર્ટીએ આજે ૯મી બેઠક માટે ઉમેદવારની જાહેરાત કરી છે. તેમનો મુકાબલો ભાજપ સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદ સાથે છે.

---

# અગાઉની સરકારોની વિદેશ નીતિમાં પણ મુસ્લિમ તુષ્ટિકરણની ઝલક દેખાતી હતી : વિદેશ મંત્રી એસ. જયશંકર

એજન્સી દ્વારા

નવી દિલ્હી, તા.૨૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ દરમિયાન, ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે એક ઈન્ટરવ્યુ દરમિયાન ભારતમાં મુસ્લિમ તુષ્ટિકરણ અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. તેમણે કહ્યું કે દેશમાં અગાઉની સરકારોમાં મુસ્લિમ તુષ્ટિકરણનું વર્ચસ્વ હતું. હું પહેલા IFS અધિકારી રહી ચુક્યો છું, તેથી હું કહેવા માંગુ છું કે અગાઉ મુસ્લિમ તુષ્ટિકરણની અસર ભારતની વિદેશ નીતિ પર પણ દેખાતી હતી.

'ટોપ એન્ગલ વિથ સુશાંત સિંહા' કાર્યક્રમમાં ભાગ લેતા વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે દેશની અંદર અને બહારની સરકારો દ્વારા વોટ બેંકની રાજનીતિ કરવામાં આવી રહી છે. અગાઉની સરકારો દ્વારા એવો કોઈ કડક નિર્ણય લેવામાં આવ્યો ન હતો જેમાં મુસ્લિમ મતો વિશે વિચાર્યું ન હોય.

વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે અગાઉની સરકાર માત્ર મુસ્લિમ તુષ્ટિકરણના નામે રાજનીતિ કરી રહી હતી. તેમણે કહ્યું કે શું તમને નથી લાગતું કે પહેલાની પાકિસ્તાનની નીતિ અને આજની પાકિસ્તાનની વિદેશ નીતિમાં ઘણો તફાવત છે અગાઉ, શું તમને પાકિસ્તાનને લઈને બનાવેલી વિદેશ નીતિમાં વોટ બેંકની નીતિના સંકેતો દેખાતા ન હતા?

તેમણે કહ્યું કે ઈઝરાયેલ વર્ષ ૧૯૪૮માં આઝાદ થયું, પરંતુ ભારતીય દૂતાવાસ ૧૯૯૨ સુધી ત્યાં તૈનાત નહોતું. ભારતે તેના રાજદૂતને ત્યાં મોકલ્યા નથી. જ્યારે તમે ૧૯૯૨માં તમારા રાજદૂતને ઈઝરાયેલમાં મોકલ્યા હતા ત્યારે પણ ૨૦૧૭ સુધી કોઈ પણ ભારતીય વડાપ્રધાને ત્યાંની મુલાકાત લીધી ન હતી. આપણે ત્યાં જઈને જોવું જોઈએ? ઈઝરાયેલ એક બહુ મોટો દેશ છે.

# નિસાન મેગ્નાઈટ સતત ત્રીજા વર્ષે ૩૦,૦૦૦+ વાર્ષિક વેચાણનો માઈલસ્ટોન પ્રાપ્ત કરે છે, સ્થાનિક વેચાણ ૧ લાખને પાર

એજન્સી દ્વારા

નિસાન મોટર ઈન્ડિયા પ્રા. લિ. **(NMIPL)** એ તાજેતરમાં તેની બિગ, બોલ્ડ, બ્યુટીફુલ જીંફ - નિસાન મેગ્નાઈટના સતત ત્રીજા વર્ષે ૩૦,૦૦૦+ વેચાણનો સિમાચિહ્ન હાંસલ કરવાની ઉજવણી કરી. આ નોંધપાત્ર માઈલસ્ટોન ભારતીય ઓટોમોટિવ માર્કેટમાં ગેમ-ચેન્જર તરીકે મેગ્નાઈટની સ્થિતિને પુનઃસ્થાપિત કરે છે. નિસાન તેના મૂલ્યવાન ગ્રાહકો, સમર્પિત ડીલરો, સપ્લાયર્સ, ચેન્નાઈના એલાયન્સ પ્લાન્ટ અને સમગ્ર નિસાન ટીમનો ભારતમાં તેમના અતૂટ સમર્થન અને આ મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હાંસલ કરવા તરફ તેમની



પ્રતિબદ્ધતા માટે હૃદયપૂર્વક આભાર માને છે.

ડિસેમ્બર ૨૦૨૦માં તેની શરૂઆત થઈ ત્યારથી નિસાન મેગ્નાઈટે ભારતીય ગ્રાહકોના દિલો પર કબજો જમાવ્યો છે અને ભારતમાં ૧૦૦,૦૦૦થી વધુ સ્થાનિક મેગ્નાઈટ ગ્રાહકો મેળવી કંપનીએ જાન્યુઆરી ૨૦૨૪માં આ નોંધપાત્ર માઈલસ્ટોન પાર કર્યો છે. વધુમાં, નિસાન મેગ્નાઈટે આંતરરાષ્ટ્રીય સ્તરે પણ નોંધપાત્ર અસર કરી છે.

# અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન અને PRSI અમદાવાદ ચેપ્ટરે નેશનલ પબ્લિક રીલેશન્સ ડે ૨૦૨૪ની ઉજવણી કરી

એજન્સી દ્વારા

નેશનલ પબ્લિક રીલેશન્સ ડે ૨૦૨૪ની ઉજવણી કરવા માટે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન **(AMA)**એ પબ્લિક રીલેશન્સ સોસાયટી ઑફ ઈન્ડિયા **(PRSI)**ના અમદાવાદ ચેપ્ટરની સાથે ભેગા મળીને શનિવારના રોજ એક સમારંભ યોજ્યો હતો. આ નિમિત્તે પબ્લિક રીલેશન્સ અને કૉર્પોરેટ કમ્યુનિકેશન્સ સેક્ટરના અગ્રણીઓ અમદાવાદમાં આવેલા છસ્છ ખાતે એકઠાં થયાં હતાં અને ભારતમાં આ ઈન્ડસ્ટ્રીના વિકસી રહેલા લેન્ડસ્કેપ અંગે ચર્ચા-વિચારણા કરી હતી.બજાજ ગ્રૂપના ગ્રૂપ પ્રેસિડેન્ટ અને ચીફ કમ્યુનિકેશન્સ ઑફિસર શ્રી નીરજ ઝા આ પ્રસંગે મુખ્ય




અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમની શરૂઆત શ્રી નીરજ ઝાના પ્રેરણાદાયી મુખ્ય સંબોધનની સાથે થઈ હતી. તેમણે 'ધી પ્રેઝન્ટ એન્ડ ફ્યુચર ઑફ પીઆર એન્ડ કમ્યુનિકેશન ઈન ઈરા ઑફ આર્ટિફિશિયલ ઈન્ટેલિજેન્સ એન્ડ સોશિયલ મીડિયા' વિષય પર વાત કરતી વખતે પીઆરના અત્યંત ગતિશીલ પરિદ્રશ્યમાં સંચારની આધુનિક વ્યૂહરચનાઓની મહત્ત્વની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.ભારતમાં દર વર્ષે ૨૧ એપ્રિલના રોજ ઉજવવામાં આવતો નેશનલ પબ્લિક રીલેશન ડે આધુનિક વિશ્વમાં ઝડપથી આવી રહેલા પરિવર્તનોની વચ્ચે પબ્લિક રીલેશન્સના મહત્ત્વને માન્યતા આપવા માટે ઉજવવામાં આવતો દિવસ છે. આ દિવસના રોજ વિવિધ ક્ષેત્રોમાં સંચારની વ્યૂહરચનાઓને આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવતા પીઆર પ્રેક્ટિશનરો અને પ્રોફેશનલોના પ્રયાસોને પણ બિરદાવવામાં આવે છે.

# કાર્ટૂન કોર્નર




# સ્વરાજે સુવર્ણ જયંતિની ઉજવણી કરતાં લિમિટેડ-એડિશન ટ્રેક્ટર રજૂ કર્યાં

એજન્સી દ્વારા

મહિન્દ્રા સમૂહનો હિસ્સો સ્વરાજ ટ્રેક્ટર્સે તેની સુવર્ણ જયંતિ નિમિત્તે સોમવારે લિમિટેડ-એડિશન ટ્રેક્ટરની રજૂઆત કરી હતી. કાળજીપૂર્વક તૈયાર કરાયેલા અને સુવર્ણ અક્ષરોથી સુશોભિત ટ્રેક્ટરની લિમિટેડ-એડિશન તેના વિશ્વસનીય ગ્રાહકો પ્રત્યે સ્વરાજની કૃતજ્ઞતાનું પ્રતીક છે.

મુખ્ય ગોલ્ડન ડેકલ્સથી લઈને એમએસ ધોનીના હસ્તાક્ષર સુધી, જેઓ સ્વરાજના પ્રતિષ્ઠિત ગ્રાહક અને બ્રાન્ડ એમ્બેસેડર પણ છે, તેમની સાથે આ એક્સક્લુઝિવ મોડલ દરેક ક્લાસ અને સ્ટાઈલને દર્શાવે છે.

સ્વરાજ ટ્રેક્ટર્સની ૫૦મી વર્ષગાંઠના ઉપલક્ષ્યમાં આયોજિત એક સમારોહમાં સ્વરાજ ૮૫૫ હ્વઈ અને સ્વરાજ ૭૪૪ હ્વઈ ટ્રેકટર્સનાં મર્યાદિત-આવૃત્તિ વેરિઅન્ટસ?રજૂ કરાયા હતું. આ ઉજવણી કાર્યક્રમ જૂની યાદો અને સૌહાર્દની



પૃષ્ઠભૂમિમાં યોજાયો હતો, જે સ્વરાજના સ્થાયી વારસા તથા તમામ હીતધારકો પ્રત્યે કૃતજ્ઞતાનું પ્રતીક હતું. ટ્રેક્ટરની આ મર્યાદિત-આવૃત્તિ દેશભરમાં માત્ર બે મહિના માટે પાંચ સ્વરાજ વેરિઅન્ટ્સ – ૮૪૩ ઠસ, ૭૪૨ ઠ્ઠ, ૭૪૪ હ્વઈ, ૭૪૪ ઠ્ઠ અને ૮૫૫ હ્વઈ માં ઉપલબ્ધ રહેશે.

આ કાર્યક્રમમાં દેશભરમાં ૫૦,૦૦૦થી વધુ ગ્રાહકોની મુલાકાત લીધા બાદ પરત ફરેલા કેમ્પેઈન જોશ કા સ્વર્ણ ઉત્સવની સમાપ્તિ પણ થઈ હતી. આ ઉપરાંત ભારતના દરેક ખૂણેથી એકત્રિત કરાયેલી દેશ કી મિટ્ટી કાર્યક્રમમાં સેન્ડ આર્ટ વિવિધ લેન્ડસ્કેપમાં સ્વરાજની ગાઢ ઉપસ્થિતિનુ પ્રતીક હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો સ્વરાજની અવિશ્વનીય સફરનું વર્ણન કરતાં પ્રશંસા કરતાં વિડિયોથી પ્રભાવિત થયાં હતાં, જેણે દેશભરના હીતધારકોની ભાવનાને વ્યક્ત કરી હતી. આ દરમિયાન એક કોફી ટેબલ બૂકનું પણ અનાવરણ કરાયું હતું, જેમાં સ્વરાજના વારસાનું વર્ણન કર્યું હતું, જે પચાસ વર્ષની સફરનું જીવંત ઉદાહરણ હતું. આ સંગ્રહમાં સ્વરાજના સમૃદ્ધ ઈતિહાસ, સફર તથા હીતધારકો સાથેના મજબૂત સંબંધોને દર્શાવાયા હતાં, જેને હંમેશા યાદ રખાશે.

એક વિશેષ પહેલ અંતર્ગત નવા સીએસઆર કાર્યક્રમ – 'સ્કિલિંગ ૫૦૦૦'ની પણ જાહેરાત કરાઈ હતી, જે સમાજમાં સકારાત્મક પરિવર્તનને આગળ ધપાવવા સ્વરાજની કટીબદ્ધતા દર્શાવે છે તેમજ 'ટુગેધર વી રાઈઝ' અને 'ટ્રાન્સફોર્મ ફાર્મિંગ એન્ડ એનરિચ લાઈવ્સ' હેતુ માટે મહિન્દ્રા સમૂહના ઉદ્દેશ્યને અનુરૂપ છે.

# ઈમ્યુનિટીને ટેકો આપવાં નૈસર્ગિક ખાદ્યો

મોસમ બદલાય તેમ તમારી ઈમ્યુન સિસ્ટમ મજબૂત બનાવવા અને ઉત્તમ આકારમાં રહેવા માટે સ્વસ્થ, સંતુલિત આહાર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું મહત્ત્વપૂર્ણ છે. તમારા રોજના આહારમાં બદામ, મોસમી ફળો અને શાકભાજીઓ જેવાં નૈસર્ગિક ખાદ્યો ઉમેરવાથી બીમારીઓ સામે લડવા માટે તમારા શરીરને જરૂરી વધારાનો જોશ પૂરી પાડી શકે છે. અહીં તમારી ઈમ્યુનિટીને સપોર્ટ કરી શકે અને મોસમી ફ્લૂ અને બીમારીને દૂર રાખવા મદદરૂપ થવા માટે પાંચ નૈસર્ગિક ખાદ્યો વિશે માહિતી આપી છે.

બદામ: બદામ સ્વાદિષ્ટ હોવા સાથે તેમાં વિટામિન ઈ, ઝિંક, ફોલેટ અને આયર્ન, પોષકો સમાવિષ્ટ છે, જે ઈમ્યુન કામગીરી માટે મહત્ત્વપૂર્ણ છે. નાસ્તામાં રોજ મુઠ્ઠીભર ખાવાથી અથવા પોષક આધાર આપવા માટે તમારા સવારના નાસ્તાના સિરીલમાં તે ભભરાવો.

ખાટા રસનાં ફળ: ખાટાં રસનાં ફળ, જેમ કે, સંતરાં, લીંબું, મોસંબી અને ગ્રેપફ્રૂટ



વિટામિન સી સમૃદ્ધ હોય છે, જે પોષક ચેપ સામે શરીરને લડવા જરૂરી સફેદ રક્તકોષો પેદા કરવા માટે જરૂરી છે. આ ફળો તમારા આહારમાં લેવાથી તમારું વિટામિન સી સેવન વધે છે, જે તમારી ઈમ્યુન સિસ્ટમને ટેકો આપે છે.

લસણ: લસણ ઔષધીય ઉપયોગનો લાંબો ઈતિહાસ ધરાવે છે, જે તેના જીવાણુવિરોધી ગુણો માટે જાણીતું છે, જે તેમાંના નૈસર્ગિક સંમિશ્રણ એલિસિનને આભારી છે. તમારા આહારમાં લસણ ઉમેરવાથી સ્વાદ વધવા સાથે સૂક્ષ્મ- જીવો સામે લડવામાં પણ મદદ થાય છે. રસો, સૂપ, સ્ટિયર- ફ્રાઈઝ અને સોસમાં સ્વાદ અન સ્વાસ્થ્ય માટે છૂંદેલા લસણનો ઉમેરો કરો.

### ચેન્નાઈના રેલવે સ્ટેશન પરથી રોકડ ઝડપાઈ હતી

# તમિલનાડુ-કેરળ બોર્ડર પર જંગી રોકડ સાથે એક વ્યક્તિ ઝડપાયો

એજન્સી દ્વારા

ચેન્નાઈ, તા.૨૩

તમિલનાડુ-કેરળ સરહદી વિસ્તારના વાલ્યારમાં એક વ્યક્તિ લાખો રૂપિયાની રોકડ લઈને જતો પકડાયો છે. અધિકારીઓના હાથે ઝડપાયેલા વ્યક્તિ પાસેથી ૧૪ લાખ રૂપિયાથી વધુની રોકડ મળી આવી છે, જે તેણે પોતાના કપડાની અંદર અનોખી રીતે રાખી હતી. તમને જણાવી દઈએ કે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને અધિકારીઓ આંતરરાજ્ય વિસ્તારોમાં કિંમતી ધાતુઓ અને દવાઓની ગેરકાયદેસર દાણચોરીને રોકવા માટે સતત વાહનોની તપાસ કરી રહ્યા છે.અત્યારે દેશમાં નૈતિક આચારસંહિતા છે. આવી સ્થિતિમાં વ્યક્તિને માત્ર ૫૦ હજાર રૂપિયા લઈ જવાની છૂટ છે. જો કોઈ વ્યક્તિ આ રકમ કરતાં વધુ રોકડ લઈ જાય છે, તો તેના માટે જરૂરી દસ્તાવેજો જરૂરી છે.અધિકારીઓએ જણાવ્યું કે તમિલનાડુ-કેરળ સરહદ પર વાલ્યાર ચેકપોસ્ટ પર કોઈમ્બતુર અને થ્રિસુર વચ્ચે ચાલતી બસની અંદર તપાસ ચાલી રહી છે. આ દરમિયાન એક વ્યક્તિના કપડા શંકાસ્પદ લાગ્યા અને ત્યાર બાદ તેની તલાશી લેવામાં આવી. આ પછી વ્યક્તિને બસમાંથી ઉતારીને પૂછપરછ કરવામાં આવી હતી. જ્યારે તેની તલાશી લેવામાં આવી તો અધિકારીઓને તે જોઈને આશ્ચર્ય થયું કે તે તેના કપડાની અંદરથી રોકડના બંડલ કાઢી રહ્યો હતો.વિનો નામની વ્યક્તિ પાસે ૧૪.૨૦ લાખ રૂપિયા હતા. રોકડ જપ્ત કરવામાં આવી હતી અને તેની માહિતી આવકવેરા વિભાગને આપવામાં આવી હતી. આગની તપાસ કરવામાં આવી રહી છે.આ મહિનાની શરૂઆતમાં અધિકારીઓએ તમિલનાડુની રાજધાની ચેન્નાઈના તાંબરમ રેલ્વે સ્ટેશન પર મોટી માત્રામાં રોકડ જપ્ત કરી હતી. ૪ કરોડ રૂપિયા છ બેગમાં લઈ જવાનો પ્રયાસ કરતી વખતે ત્રણ લોકોની અટકાયત કરવામાં આવી હતી. જેમાં ભાજપના સભ્ય અને ખાનગી હોટલના મેનેજર સતીશ, તેના ભાઈ નવીન અને ડ્રાઈવર પેરુમલની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન, એવું બહાર આવ્યું હતું કે સતીષે કથિત રીતે થિરુનેલવેલીથી ભાજપના લોકસભા ઉમેદવાર નયનાર નાગેન્દ્રનની ટીમની સૂચના અનુસાર કામ કરવાની કબૂલાત કરી હતી.

# મુસ્લિમ સાથે લગ્ન કરતાં એક્ટ્રેસ પ્રિયામણી ભારે ટ્રોલ થઈ હતી



એજન્સી દ્વારા

મુંબઈ,તા.૨૩

સાઉથ સિનેમાની ફેમસ એક્ટ્રેસ પ્રિયામણી ચર્ચામાં છે. હકીકતે પહેલી વખત એક્ટ્રેસે ટ્રોલર્સ સાથે ડિલ કરવાને લઈને વાત કરી. જણાવી દઈએ કે પ્રિયામણીએ લોન્ગટાઈમ બોયફ્રેન્ડ મુસ્તફા રાજ સાથે લગ્ન કર્યા હતા. એવામાં તે ખૂબ જ ટ્રોલ થઈ હતી. પ્રિયામણિએ કહ્યું કે તેણે અને તેના પરિવારે ખૂબ જ ખરાબ વાતો સાંભળી છે. તેણે કહ્યું, ''સાચુ કહું તો તે દિવસોમાં ટ્રોલિંગથી મને ખૂબ જ અફેક્ટ થયું હતું. ફક્ત મને જ નહીં પરંતુ મારા આખા પરિવારને પણ તેનાથી અસર થઈ હતી. ખાસકરીને મારા માતા-પિતાને. આ મારે કહેવું પડશે કે મારા પતિ મારા સાથે સોલિડ રોકની જેમ ઉભા રહ્યા છે.''તેણે આગળ જણાવ્યું, ''તેમણે મને કહ્યું કે જુઓ જે પણ થાય છે તે પહેલા હું મારા પર આવવા દઈશ.

બસ તુ મારો હાથ પકડીને રાખજે, તેને છોડતી નહીં. દરેક સ્ટેપને આપણે એક એક કરીને ક્રોસ કરીશું.'' તેણે આગળ જણાવ્યું, ''જ્યારે અમે બન્ને ડેટ કરી રહ્યા હતા તો મેં ઘણી વસ્તુઓ મુસ્તફા વિશે સાંભળી હતી. પરંતુ હું તેમને કહેતી હતી કે તમે મારી સાથે ઉભા રહેજો. સાથ ના છોડતા. ''''હું ખુશ છું કે મને આટલો સ્ટ્રોન્ગ પાર્ટનર મળ્યો છે. મને ખબર છે કે વસ્તુઓને હેન્ડલ કઈ રીતે કરવી છે.

# માર્કસ સ્ટોઈનિસે ચેન્નઈ સામે ધમાકેદાર સદી ફટકારી લખનૌને રોમાંચક જીત અપાવી

એજન્સી દ્વારા

ચેન્નાઈ,તા.૨૩

**IPL 2024**ની ૩૯મી મેચમાં જાણે કોઈ ચમત્કાર થયો હોય તેવું લાગી રહ્યું હતું. લખનૌ સુપર જાયન્ટ્સે રોમાંચક મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સને ૬ વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા ચેન્નાઈએ ૨૧૦ રન બનાવ્યા હતા અને લખનૌની ટીમે ૪ વિકેટ ગુમાવીને આ લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. લખનૌની ટીમે અંતિમ ઓવરના પહેલા ૩ બોલમાં જ મેચ જીતી લીધી હતી. મોટી વાત એ છે કે લખનૌએ ચેન્નાઈના ઘરમાં મેચ જીતી લીધી હતી. એમ ચિદમ્બરમ સ્ટેડિયમમાં ચેન્નાઈને સંપૂર્ણ સમર્થન મળે છે પરંતુ માર્કસ સ્ટોઈનિસે ૬૩ બોલમાં અણનમ ૧૨૪ રન ફટકારીને લખનૌને રોમાંચક જીત અપાવી હતી.ચેન્નાઈ સુપર કિંગ્સ સામે લખનૌને છેલ્લી ઓવરમાં ૧૭ રનની જરૂર હતી. છેલ્લી ઓવર મુસ્તાફિઝુર રહેમાને ફેંકી હતી અને માર્કસ સ્ટોઈનિસ સ્ટ્રાઈક પર હતો. આ ખેલાડીએ માત્ર ૩ બોલમાં લખનૌને જીત અપાવી હતી. છેલ્લી ઓવરના પહેલા બોલ પર માર્કસ સ્ટોઈનિસે સિક્સર ફટકારી હતી. આ ખેલાડીએ બીજા બોલ પર જબરદસ્ત ફોર ફટકારી હતી. આ પછી, સ્ટોઈનિસે ત્રીજા બોલ પર ફરીથી ચોગ્ગો ફટકાર્યો અને આ બોલ નો બોલ બન્યો. આ પછી સ્ટોઈનિસે ફ્રી હિટ પર પણ ચોગ્ગો ફટકારીને લખનૌને જીત અપાવી હતી.

માર્કસ સ્ટોઈનિસે લખનૌની જીત નક્કી કરી. ક્વિન્ટન ડી કોક શૂન્ય પર આઉટ થયા પછી સ્ટોઈનિસ પ્રથમ જ ઓવરમાં ક્રીઝ પર આવ્યો હતો અને આ જમણા હાથના બેટ્સમેને તેની અદ્ભુત બેટિંગથી બધાના દિલ જીતી લીધા હતા. સ્ટોઈનિસે માત્ર ૨૬ બોલમાં અડધી સદી ફટકારી હતી. તેણે પડિકલ સાથે ૩૩ બોલમાં અડધી સદીની ભાગીદારી કરી હતી. આ પછી આ ખેલાડીએ નિકોલસ પૂરન સાથે ૨૬ બોલમાં અડધી સદીની ભાગીદારી કરી હતી.પુરનના આઉટ થયા બાદ આ ખેલાડી પર દબાણ વધી ગયું પરંતુ સ્ટોઈનિસ તૂટ્યો નહીં. સ્ટોઈનિસે માત્ર ૫૬ બોલમાં સદી જ નથી ફટકારી પરંતુ છેલ્લી ૨ ઓવરમાં તોફાની શોટ્સ ફટકારી આધારે લખનૌ માટે મેચ પણ જીતી લીધી હતી. અંતે તે હુડ્ડા સાથે મળીને ૧૯ બોલમાં ૫૫ રન જોડવામાં સફળ રહ્યો. આ ભાગીદારીએ ચેન્નાઈ પાસેથી જીતેલી મેચ છીનવી લીધી હતી.

# બેન્ટલી સિસ્ટમ દ્વારા અમદાવાદમાં ટ્રાન્સપોર્ટેશન, એનર્જી અને વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ઈનોવેશન ડેનું આયોજન કરાયું




એજન્સી દ્વારા

આજે અમદાવાદમાં **ITC** નર્મદા ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્જિનિયરિંગ સોફ્ટવેર કંપની બેન્ટલી સિસ્ટમ્સ ઈક્રોર્પોરેટેડ (નેસ્ડેક: બીએસવાઈ) દ્વારા ઈનોવેશન ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ ઈન્ડસ્ટ્રીમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં પરિવર્તન લાવવામાં ડિજિટલ ટ્વિન્સ અને ડિજિટલ ડિલિવરીની ભૂમિકા કેટલી મહત્વપૂર્ણ રહી છે એ વાતને ઉજાગર કરવામાં આવી હતી.

ટ્રાન્સપોર્ટેશન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી, વોટર સેક્ટર માટે બેન્ટલીના ઉદ્યોગ-અગ્રણી સોફ્ટવેર સોલ્યુશન્સની શોધ કરનારાઓ માટે બેન્ટલીએ મહત્વપૂર્ણ સરકારી સંસ્થાઓ, ડિઝાઈન કન્સલટન્ટ, કન્ટ્રક્શન કોન્ટ્રાક્ટરો અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દક્ષિણ એશિયાના રિજનલ એક્ઝિક્યુટિવ કમલકન્નન તિરુવાડીએ સકસેસ સ્ટોરી તેમજ ગુજરાતમાંથી પ્રોજેક્ટ્સનું પ્રદર્શન કરતા ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં બેન્ટલીના યોગદાન વિશેની વાતોને ઉજાગર કરી હતી. આ અંગે વાત કરતા તિરુવાડીએ કહ્યું, ''બેન્ટલી નવીન સોફ્ટવેર સોલ્યુશન્સ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ફ્યૂચરને નવો આકાર આપવા માટે પ્રતિબદ્ધ છે. ડિજિટલ ડિલિવરી અને ડિજિટલ ટ્વિન્સ કેવી રીતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સની કલ્પના, નિર્માણ અને સંચાલનમાં એક ક્રાંતિકારી બદલાવ લાવી રહ્યું છે અને બેન્ટલી આ ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે. આ સાથે સંસ્થાઓની અસેસ્ટ લાઈફ સાયકલની કાર્યક્ષમતા, વિશ્વસનીયતા તેમજ સામર્થ્યને વધારવા માટે ડિજિટલ ટ્વીન ટેક્નોલોજી સાથે મળીને એક ઓપન અને સંકલિત એપ્લિકેશનોમાંથી લાભ મેળવવા માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવી રહ્યા છે.

# લાહોરમાં હાર્ટ એટેકથી ભારતીય શીખ યાત્રીનું મોત

એજન્સી દ્વારા

લાહોર, તા.૨૩

બૈસાખી ઉત્સવમાં ભાગ લેવા પાકિસ્તાનના લાહોર પહોંચેલા એક શીખ યાત્રીનું સોમવારે હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. ઈવેક્યુઈ પ્રોપટી બોર્ડના પ્રવક્તા અમીર હાશ્મીએ જણાવ્યું હતું કે પટિયાલાના રહેવાસી જરનૈલ સિંહના પુત્ર ૬૭ વષીય સરદાર જંગીર સિંહનું કાર્ડિયોપલ્મોનરી અરેસ્ટથી મૃત્યુ થયું હતું. આ સિવાય બૈસાખી ઉત્સવમાં ભાગ લેવા માટે ૧૩ એપ્રિલે વાઘા બોર્ડર થઈને પાકિસ્તાન પહોંચેલા લગભગ ૨,૪૦૦ ભારતીય શીખ તીર્થયાત્રીઓ સોમવારે તેમના વતન જવા રવાના થયા હતા.અમીર હાશ્મીએ જણાવ્યું કે, સરદાર જંગીર સિંહને ગુરુદ્વારા ડેરા સાહિબ લાહોરમાં રોકાઈને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી તેને તાત્કાલિક લાહોરની મેયો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. તેમનો મૃતદેહ વાઘા બોર્ડર પર ભારતીય સુરક્ષા દળોને સોંપવામાં આવ્યો છે.પાકિસ્તાન શીખ ગુરુદ્વારા પ્રબંધન સમિતિના વડા અને પંજાબના પ્રધાન સરદાર રમેશ સિંહ અરોરા, **PSGPC** સભ્યો અને **ETPB** અધિકારીઓ દ્વારા તેમને વાઘા બોર્ડર પર જોવામાં આવ્યા હતા. સરદાર રમેશ સિંહે કહ્યું કે અમે પડોશી દેશોના મહેમાનોને આવકારવા હંમેશા તૈયાર છીએ. તેમના ૧૦ દિવસના રોકાણ દરમિયાન, ભારતીય શીખોએ ગુરુદ્વારા પંજા સાહિબ હસન અબ્દાલ ખાતેના મુખ્ય ઉત્સવોમાં ભાગ લીધો હતો. શ્રદ્ધાળુઓએ ગુરુદ્વારા જન્મસ્થાન નનકાના સાહિબ, ગુરુદ્વારા સચ્ચા સૌદા શેખૂપુરા, ગુરુદ્વારા દરબાર સાહિબ, કરતારપુર, ગુરુદ્વારા રોરી સાહિબ, ગુજરાનવાલા અને ગુરુદ્વારા ડેરા સાહિબ લાહોરની પણ મુલાકાત લીધી હતી.

# ડો. સીતારામ જિંદાલને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પ્રતિષ્ઠિત પદ્મભૂષણ એવોર્ડ એનાયત થયો

એજન્સી દ્વારા

સખાવતી કાર્યો અને હેલ્થકેરમાં દૂરંદેશી ધરાવતા અગ્રણી ડો. સીતારામ જિંદાલને સોમવારે નવી દિલ્હીમાં રાષ્ટ્રપિત ભવન ખાતે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પ્રતિષ્ઠિત પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન અને અન્ય પ્રતિષ્ઠિત હસ્તીઓ પણ ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમ સમાજ પ્રત્યે ડો. જિંદાલના અદ્વિતીય પ્રદાનને માન્યતા આપતો યાદગાર પ્રસંગ બની રહ્યો હતો.

૧૨ સપ્ટેમ્બર, ૧૯૩૨ના રોજ હરિયાણાના નાલવા ગામમાં જન્મેલા ડો. સીતારામ જિંદાલની સફર પ્રેરણાદાયી છે. જિંદાલ એલ્યુમિનિયમ લિમિટેડ (જેએએલ)ના ફાઉન્ડર ચેરમેન તરીકે તેમની ઉદ્યોગસાહસિક કુશળતા ભારતના સૌથી મોટા એલ્યુમિનિયમ એક્સ્ટ્રુઝન મેન્યુફેક્ચર બનાવવામાં મહત્વપૂર્ણ રહી છે. આમ છતાં તેમનું વિઝન બિઝનેસથી



આગળ રહ્યું છે. તેમના પ્રદાન થકી એસ. જિંદાલ ચેરિટેબલ ફાઉન્ડેશન, અનેક ટ્રસ્ટો, હોસ્પિટલો, સ્કૂલો અને કોલેજોનું નિર્માણ થયું છે જે તેમની સેવાઓ પ્રત્યે તેમના અતૂટ સમર્પણને દર્શાવે છે.

ડો. જિંદાલની શૈક્ષણિક ઈચ્છાઓ તેમને કલકત્તા યુનિવર્સિટી લઈ ગઈ જ્યાં તેમણે ૧૮૫૭માં તેમની બેચલર્સ ડિગ્રી મેળવી અને પછી નેચરોપેથીમાં ડોક્ટરેટ મેળવી. તેમના કોલેજના દિવસો દરમિયાન પરિવર્તનકારી અનુભવમાં જ્યાં તેમણે ઉપવાસ, એનિમા અને યોગ દ્વારા પેટના ક્ષયરોગની અસાધ્ય બીમારીમાંથી બહાર આવ્યા હતા અને અહીંથી જ દવાઓ વિના સાજા થવાનો તેમનો જુસ્સો પ્રગટ્યો. આ જુસ્સાના પગલે બેંગ્લોરમાં ૧૯૭૯માં જિંદાલ નેચરક્યોર ઈન્સ્ટિટ્યૂટ (જેએનઆઈ)ની સ્થાપના થઈ જેણે જટિલ અને ગંભીર બીમારીઓની સારવારમાં તેના માનવીય અભિગમ માટે વૈશ્વિક ખ્યાતિ મેળવી. તે સમયે પ્રવર્તતી પરંપરાગત નેચરક્યોર સારવારથી વિપરિત ડો. જિંદાલે આ ઉપેક્ષિત વિજ્ઞાનને આધુનિક બનાવવા તથા તેમાં નવીનતા લાવવાનું મિશન આદર્યું.

ડો. જિંદાલની વિઝનરી લીડરશિપ હેઠળ જેએનઆઈ અસ્થમા અને ડાયાબિટીસથી માંડીને આર્થરાઈટિસ અને કેટલાક પ્રકારના કેન્સર જેવી વિવિધ બીમારીઓની સફળ સારવારમાં સ્પેશિયલાઈઝેશન ધરાવતી વર્લ્ડ-ક્લાસ ફેસિલિટી બની છે. આખું વર્ષ ૫૫૦ સંપૂર્ણ ભરાયેલા રહેતા બેડ્સ સાથેનું આ ઈન્સ્ટિટ્યૂટ વિશ્વભરમાં દવાઓથી મુક્ત વિકલ્પો ઈચ્છતા લોકો માટે આશાનું કિરણ બની રહ્યું છે.

# 'ધી બ્રોકન ન્યૂઝ'ની સિઝન-૨ના પ્રમોશન માટે સોનાલી બેન્દ્રે અને શ્રીયા પિલગાંવકર શહેરની મુલાકાતે!

એજન્સી દ્વારા

**ZEE5**ના ખૂબ પ્રશંસા પામેલા શો 'ધી બ્રોકન ન્યૂઝ'ની બીજી સિઝનની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. સિરીઝના મુખ્ય કલાકારો સોનાલી બેન્દ્રે અને શ્રીયા પિલગાંવકરે તાજેતરમાં જ આગામી સિઝનના પ્રમોશન માટે અમદાવાદની મુલાકાત લીધી હતી.

ચાલુમહિનાના પ્રારંભમાં રિલીઝ થયેલા સિરીઝના ટ્રેલરથી ત્રીજી મેના રોજ રિલીઝ થઈ રહેલી નવી સિઝનના ઘટનાક્રમો જોવા માટે વ્યૂઅર્સની ઉત્સુકતા ઓર વધી ગઈ છે. બે વર્ષના અંતર પછી આવી રહેલી નવી સિઝનમાં બે બ્રોડકાસ્ટ ન્યૂઝ ચેનલ્સ 'જોશ 24x7' અને 'આવાઝ ભારતી' વચ્ચે સિદ્ધાંતો માટેની લડાઈ નવી ઊંચાઈએ પહોંચશે. આ થ્રિલિંગ નવી સિઝનમાં 'સત્ય' વિરૂદ્ધ 'સનસનાટી'ની લડત ન્યૂઝરૂમથી આગળ વધીને અસ્તિત્વ ટકાવી રાખવા માટેના અંગત સંઘર્ષમાં પરિણમશે. ધી બ્રોકન ન્યૂઝ, સિઝન-૨' ત્રીજી મેથી શરૂ થઈ



રહી છે, **ZEE5** પર'' ''બીબીસી સ્ટુડિયોઝ પ્રોડકશન્સ ઈન્ડિયા દ્વારા નિર્મિત આગામી સિઝનમાં પત્રકારોના જીવન, જૂઠ્ઠાણાં, પ્રેમ અને સંઘર્ષો તથા સત્ય અને 'સનસનાટીપૂર્ણ' વચ્ચેની તેમની લડાઈ દર્શાવવામાં આવશે.

આગામી પ્રકરણમાં ફૈસલ રશિદ, ઈન્દ્રનીલ સેનગુપ્તા, સંજીતા ભટ્ટાચાર્ય અને તારુક રૈના સહિતના પ્રથમ સિઝનના કલાકારો રિપીટ થશે. વધુમાં, નવી સિઝનમાં અક્ષય ઓબેરોય, સુચિત્રા પિલ્લાઈ અને ગીતિકા વિદ્યા ઓહલ્યાન પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે. ''અભિનેત્રી સોનાલી બેન્દ્રેએ જણાવ્યું હતું, "ધી બ્રોકન ન્યૂઝ હંમેશામારા માટે ખાસ રહેશે, કારણ કે, તેના દ્વારા મેં ઓટીટીમાં પ્રવેશ કર્યો છે.

પ્રથમ સિઝનને મળેલા પ્રતિસાદથી અમે અત્યંત ઉત્સાહિત થઈ ગયાં હતાં અને મને આનંદ છે કે અમે વધુ એક સિઝન સાથે પરત ફરી રહ્યાં છીએ. પ્રથમ સિઝનમાં અમીના અને રાધાની ટીમ હતી, પણ આ વખતે નવી સિઝનમાં અમીના 'સત્ય' માટેની લડત એકલપંડે લડશે. **ZEE5**, બીબીસી અને અમારા ડિરેક્ટર વિનય વૈકુલની ઉત્કૃષ્ટ ટીમ સાથે કામ કરવું હંમેશા આનંદની બાબત રહી છે. તેઓ એક વિઝનરી ડિરેક્ટર છે, જેમણે સમગ્ર સિરીઝ દરમિયાન દર્શકો તેની સાથે જકડાયેલા રહે અને છેલ્લે સુધી તેમની ઉત્સુકતા જળવાઈ રહે, એ સુનિશ્ચિત કરવા માટે તેમનો જીવ રેડી દીધો છે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સુપ્રસિદ્ધ તીર્થક્ષેત્ર શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર સાળંગપુર ધામ ખાતે આયોજિત હનુમાન જયંતી ઉત્સવમાં ભક્તિ ભાવપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા. પ્રતિ વર્ષ હનુમાન જયંતીના પાવન અવસરે સાળંગપુર ધામમાં થતા અનેકવિધ ધાર્મિક આયોજન અન્વયે આ વર્ષે સમૂહ મારૂતિ યજ્ઞ સાથે હનુમાનજી મહારાજને ધરાવાયેલા મહાઅન્નકૂટની આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ આ મહાઅન્નકૂટની આરતીમાં સહભાગી થયા હતા. તેમણે શ્રદ્ધાપૂર્વક હનુમાનજી મહારાજની આરતી કરી હતી અને સૌ લોકોના સુખ, શાંતિ, સમૃદ્ધિની મંગલ પ્રાર્થના પણ આ હનુમાન જયંતિ અવસરે કરી હતી. ષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના સંતો, અગ્રણીઓ અને શ્રદ્ધાળુઓ હનુમાન જયંતીના આ ઉત્સવમાં ઉમંગભેર જોડાયા હતા.

# અમદાવાદમાંથી ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટનો નકલી અધિકારી ઝડપાયો

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

રાજ્યમાં દિવસેને દિવસે નકલી વસ્તુઓની ઘટનાઓ સામે આવી રહી છે. થોડા સમય પહેલા તો નકલી સરકારી ઓફિસ પણ સામે આવી હતી, ત્યારે આજે અમદાવાદમાંથી ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટનો નકલ અધિકારી ઝડપાયો છે.

આ યુવક પોતાની કારની ઉપર લાલ લાઈટ લગાવીને રોફ જમાવતા પોલીસના હાથે ચડ્યો હતો. જે બાદ પોલીસે વધુ પૂછપરછ કરતા સમગ્ર માહિતી સામે આવી હતી. ભારત સરકારના હોમ ડિપાર્ટમેન્ટના અધિકારી બનીને રોફ જમાવતા નબીરાની પોલીસે ધરપકડ કરી છે.

આ સૉફ્ટવેર એન્જીનીયર યુવકને સરકારી અધિકારીની જેમ લાલ લાઈટવાળી ગાડીમાં ફરવાનો શોખ હતો, પરંતુ અમદાવાદમાં રોફ જમાવતા જ પોલીસના હાથે ચડી ગયો હતો. જણાવી દઈએ કે, ગુજરાત યુનિવર્સિટી પોલીસે નકલી અધિકારીની ધરપકડ કરીને કાર જપ્ત લીધી હતી. પોલીસે સૌરીશ બોસ નામના આ યુવકની ધરપકડ કરી છે. જણાવી દઈએ કે, લોકસભાની ચૂંટણીને લઈને પોલીસ ચેકીંગ કરી રહી હતી, ત્યારે આરોપી સૌરીશ પોતાની દિલ્હી પાસિંગ **DL 03 CCM** ૯૫૯૧ નંબરની ક્રેટા ગાડી લઈને નીકળ્યો હતો. આ ગાડીમાં પોલીસની સરકારી વાહનોમાં લાગે તેવી લાલ અને વાદળી લાઈટ લગાવેલી હતી. આ ઉપરાંત, સરકારી ગાડીમાં ઈમરજન્સી સમયે વાગે તેવું હુટર પણ લગાવ્યું હતું. આરોપી સરકારી વાહનની જેમ ઓવર ટેક કરીને નીકળતા ગુજરાત યુનિવર્સિટી પોલીસને શંકા જતા તેનો પીછો કરીને વિજય ચાર રસ્તા નજીક તેને અટકાવી પૂછપરછ કરતા નકલી અધિકારીનો ભાંડો ફૂટ્યો હતો.પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપી સૌરીશ પશ્ચિમ બંગાળના કોલકતાનો રહેવાસી છે અને સોફ્ટવેર એન્જીનીયર છે. તે પુનામાં આવેલી માઈક્રોસોફ્ટ કંપનીમાં નોકરી કરે છે. સૌરીશને સરકારી અધિકારીઓની જેમ લાલ લાઈટવાળી ગાડીમાં ફરીને રોફ જમાવવાનો ખૂબ જ શોખ છે. આ અગાઉ પણ તે પશ્ચિમ બંગાળમાં આ પ્રકારે લાલ લાઈટવાળી ગાડીમાં નકલી અધિકારી બનીને રોફ જમાવતા ઝડપાયો હતો અને તેની વિરુદ્ધ ગુનો પણ નોંધાયો હતો. આ કેસમાં પણ સૌરીશે પશ્ચિમ બંગાળનું અસલી પાસિંગ બદલીને દિલ્હીનું નકલી પાસિંગ લગાવ્યું હતું.

આ ઉપરાંત, સરકારી વાહનમાં લગાવેલી લાઈટ અને હુટર લગાવીને રોફ જમાવી રહ્યો હતો. એટલું જ નહીં કારમાં ભારત સરકાર લેખલું બોર્ડ પણ લગાવવામાં આવ્યું હતું. આ આરોપી બે દિવસ પહેલા તે ઉદયપુર પણ આ પ્રકારે સરકારી અધિકારીની જેમ ગાડી લઈને ગયો હતો. મહત્વનું છે કે, નકલી અધિકારી બનવાની સાથે આરોપીને આઈપીએસ અને આઈએસ અધિકારી સાથે ફોટો પડાવવાનો પણ ખુબજ શોખ છે. ગુજરાત યુનિવર્સિટી પોલીસે આરોપીની ધરપકડ કરીને તેની કાર જપ્ત કરી છે.

# ગુજરાત કોંગ્રેસની સ્ટાર પ્રચારકોની યાદી જાહેર

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

ગુજરાતમાં હાલ કોંગ્રેસ ચારો ખાને ચિત્ત થઈ ગયા જેવી સ્થિતિ છે. માંડ માંડ ભેગા કરીને લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારો ઉભા કર્યા, ત્યારે ભાજપ ઉમેદવારોને જ નિશાન બનાવી રહ્યું છે. ચૂંટણી પહેલા કોંગ્રેસે સુરત લોકસભા સીટ ગુમાવી છે. છતાં કોંગ્રેસ હારી નથી. કોંગ્રેસે ગુજરાતમાં સ્ટાર પ્રચારકોનું લિસ્ટ જાહેર કર્યું છે. ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા પેટા ચૂંટણી માટે કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદી જાહેર કરી છે. ત્યારે ગુજરતમાં કોંગ્રેસના કયા કયા નેતાઓ ચૂંટણી પ્રચાર કરશે તે જોઈ લો.

લોકસભાની ચુંટણી અને વિધાનસભાની પેટા ચુટંણી માટે કોગ્રેસના સ્ટાર પ્રચારકનું લિસ્ટ જાહેર કર્યું છે. કોંગ્રેસના ૪૦ સ્ટાર પ્રચારકોની યાદીને ચુટંણી પંચની મહોર લાગી છે. ગુજરાતના સ્ટાર પ્રચારોમાં નેશનલ કોંગ્રેસના નેતાઓ સામેલ છે. જેમાં એઆઈસીસી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સ્ટાર પ્રચારક છે. તો પુર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, મહામંત્રી પ્રિયંકા ગાંધી પણ સ્ટાર પ્રચારક બન્યા છે. કેસી વેણુગોપાલ , મુકુલ વાસનીક અશોક ગહેલોતનો પણ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત રણદિપ સુરજેવાલ, સચિન પાયલટ, ઉષા નાયડુ, રામકિશન ઓઝા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે.

ગુજરાત કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા અમિત ચાવડા સ્ટાર પ્રચારકની યાદીમાં સામેલ છે. આ ઉપરાંત જગદીશ ઠાકોર, સિધ્ધાર્થ પટેલ, ભરત સોલંકી, દિપક બાબરીયા, મધુસુદન મિસ્ત્રી, અમીબેન યાજ્ઞિકનો સમાવેશ કરાયો છે. ઉપરાંત શૈલેષ પરમાર,લલિત કગથરા, ઈન્દ્રવિજય સિંહ ગોહિલ, જિગ્નેશ મેવાણી, કાદીર પીરજાદા, ગૌરવ પંડ્યા, પરેશ ધાનાણી, સુખરામ રાઠવા, મુમતાઝ પટેલ, લાલજી દેસાઈ, બીવી શ્રીનિવાસ, અલકા લાંબા, ઈમરાન પ્રતાપ ગઢી, વિમલ ચુડાસમા, દિનેશ ઠાકોર , ચંદ્રીકા ચુડાસમા, પુંજા ભાઈ વંશ ,ગ્યાસુદીન શેખ, ઈન્દ્રનિલ રાજ્ય ગુરૂ, રઘુ ભાઈ દેસાઈ અને નિશિથ વ્યાસ કોંગ્રેસના સ્ટાર પ્રચારક બનાવાયા છે.

### રુપાલા સામેનો વિવાદ ઠારવાનો પ્રયાસ

# ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે યોજી બેઠક

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા.

લોકસભાની રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરશોત્તમ રુપાલા વિરુદ્ધ ક્ષત્રિયોમાં ફેલાયેલા આક્રોશને ઠારવા અને લોકસભા ચૂંટણી ટાણે ભાજપને વધુ રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ગૃહપ્રધાન હર્ષ સંઘવીએ છેલ્લા બે દિવસથી પ્રયાસો હાથ ધર્યા છે.

સૌરાષ્ટ્રમાં બેઠક યોજયા બાદ, હવે હર્ષ સંઘવીએ આજે બનાસકાંઠાના ડીસાની હોટલમાં ક્ષત્રિય આગેવાનો સાથે બંધ બારણે બેઠક યોજી હતી.

લોકસભાની ચૂંટણી પ્રસંગે, ભાજપ દ્વારા યોજાતા જાહેર કાર્યક્રમોમાં પક્ષના ક્ષત્રિય અગ્રણીઓ મંચ પર સ્થાન ના લેતા હોવાથી ભારતીય જનતા પાર્ટીમાં ચિંતા પ્રસરી છે. રાજકીય નુકસાન થતુ અટકાવવા માટે ભાજપે છેલ્લા બે દિવસથી કવાયત હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસાની એક હોટલમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લાના ક્ષત્રિય આગેવાનોને બોલાવાયા હતા.

બંધ બારણે બોલાવેલી બેઠકમાં, પાટણના સંસદ સહિત બંને જિલ્લાના આગેવાનો હાજર રહ્યાં હતા. પરશોત્તમ રૂપાલાની ટિકિટ ન કાપતા ક્ષત્રિયોમાં વધતી જતી નારાજગીને ડામવાનો પ્રયાસ કરાયો હતો.

ભાજપ દ્વારા રુપાલા વિવાદમાં ડેમેજ કંટ્રોલ કરવામાં આવતો નથી તેવી લાગણી કાર્યકરોમાં ફેલાતા હવે પક્ષના પ્રદેશ મહામંત્રી અને ગૃહપ્રધાને સમગ્ર દોર સંભાળી લીધો હોય તેમ માનવામાં આવી રહ્યું છે.

# હનુમાનજીની કૃપાથી સુરતમાં કમળ આવી ગયું:રુપાલા

પ્રતિનિધિ દ્વારા

સુરત, તા. ૨૩

સુરતમાં છેલ્લા બે દિવસ સુધી ચાલેલા હાઈ વોલ્ટજ રાજકીય ડ્રામાનો ગઈકાલે અંત આવ્યો. સુરત લોકસભા બેઠક પર ભાજપનાં ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થતાં તમામ ભાજપના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. ત્યારે હવે આ અંગે રાજકોટ લોકસભા ઉમેદવાર પરશોતમ રૂપાલાએ પણ નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ કહ્યું કે સુરતમાં પ્રથમ કમળ ખીલ્યું છે, દેશભરમાં કમળનો ખીલવાનો પ્રવાહ અવિરત રહેશે. ગુજરાતમાં ૨૫માંથી ૨૫ બેઠકો પર કમળ ખીલશે.

સુરતમાં થયેલા રાજકીય ડ્રામાનાં અંત બાદ રાજકોટ બેઠકના ભાજપ ઉમેદવાર રૂપાલાએ આ અંગે નિવેદન આપ્યું છે. પરશોતમ રૂપાલાએ પહેલા હનુમાન જયંતિની શુભકામનાઓ પાઠવી. એ પછી તેમણે કહ્યું કે "હનુમાનજી મહારાજની કૃપાથી ભારતીય જનતા પક્ષની ઝોળીમાં સુરતનું એક કમળ આવી ગયું છે. જેની આપ સૌને શુભકામનાઓ. હનુમાન જયંતિની આપ સૌને ખૂબ ખૂબ શુભકામનાઓ. દેશભરમાંથી આ એક શુકન થયા છે, અને આ શુકનનો પ્રવાહ આખા દેશની અંદર આગળ વધશે."

જણાવી દઈએ કે ચૂંટણી વગર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ વિજયી બન્યા છે, ત્યારે ભાજપના ઉમેદવારને કલેકટરે જીતનું સર્ટિફિકેટ આપી દીધું છે. મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે મુકેશ દલાલને શુભેચ્છાઓ પાઠવી, તો બીજી તરફ ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે પત્રકાર પરિષદ યોજી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. ભાજપ અધ્યક્ષ સી આર પાટીલે કહ્યું કે, મુકેશ દલાલનો દેશના વિકાસમાં મોટો ફાળો રહેશે. ચૂંટણી પહેલા કોંગ્રેસે ડ્રામા કર્યો છે. તમામ ઉમેદવારોએ ઉમેદવારી પરત ખેંચતા મુકેશ દલાલ બિનહરીફ વિજેતા થયા છે.

વહીવટી તંત્ર ઉપર દબાણ લાવવા કોંગ્રેસે પ્રયાસ કર્યો છે. આજે સત્ય બહાર આવ્યું છે. તેમણે ઉમેર્યું કે, ૪૦૦ પારના લક્ષ્યાંકમાં સુરત બેઠકની પહેલ છે.

ગુજરાતમાં ૨૫ બેઠકોમાંથી એક પર ભાજપનો વિજય થઈ ચુક્યો છે, ત્યારે ભાજપે સુરતમાં ઈતિહાસ રચી દીધો છે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતાં સાત જેટલા ઉમેદવારો મેદાને હતા. જ્યારે જે તમામ અપક્ષ સહિતના ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચતા ભાજપના ઉમેદવાર બિનહરિફ જાહેર કરવામાં આવ્યા.

# ભાજપના વધુ એક નેતાએ રાજાઓ, પટરાણીઓ, તેમના વંશ અને કરી વિવાદિત ટિપ્પણી

પ્રતિનિધિ દ્વારા

જૂનાગઢ, તા. ૨૩

કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાએ ક્ષત્રિયો અંગે કરેલી વિવાદિત ટિપ્પણીનો મામલો હજુ શમ્યો નથી. પ્રદેશની સાથો સાથ ભાજપ હાઈકમાન્ડ પણ આ અંગે ચિંતિત છે. એવા સમયે હજુ રૂપાલાવાળી બબાબ પતી નથી ત્યાં ભાજપના વધુ એક નેતાએ નાંખ્યું બળતામાં ઘી! જૂનાગઢ જિલ્લા ભાજપના પ્રમુખ કિરીટ પટેલે રાજાની પટરાણીઓ અંગે વિવાદિત નિવેદન આપીને સમગ્ર મામલામાં ભડકો કરવાનું કામ કર્યું છે.

એવું લાગે છેકે, ભાજપના નેતાઓને હવે નવો શોખ જાગ્યો છે. પહેલાં અપમાન કરો અને પાછળની માહોલ ગરમ થાય તો માંફી માંગી લો. તેનો વધુ એક નમુનો જૂનાગઢમાં જોવા મળ્યો. ગઈ કાલે જૂનાગઢના વિસાવદરમાં ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાના કાર્યલયના ઉદ્ગાટન પ્રસંગે જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વિવાદાસ્પદ નિવેદન આપ્યુ હતું. તેમણે કહ્યું કે, 'હિન્દુસ્તાનમાં એક સમય એવો હતો કે રાજાની પટરાણી બોબડી હોય, લુલી હોય, લંગડી હોય પણ તેના કુખેથી જે દીકરો પેદા થતો હતો એ રાજા બનતો હતો અને હવે રાજા મતપેટીમાંથી પેદા થાય છે.'

જો કે કિરીટ પટેલના આ વિવાદાસ્પદ નિવેદનનો વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા તેમનો ભારે વિરોધ થયો. જેના કારણે તેમને માફી પણ માંગવી પડી. ભાજપ પ્રદેશ કાર્યાલય સુધી વાત પહોંચી જતાં આ નેતાને પણ ખખડાવવામાં આવ્યાં. સાથે જ તેમને પ્રદેશ ભાજપ કાર્યાલયથી પણ ચોખ્ખા શબ્દોમાં કહેવામાં આવ્યુંકે, માપમાં રહો. ભાષણબાજી કરતા પહેલાં ધ્યાન રાખો. આ મામલો વધુ વકરે નહીં તે પહેલાં જ માફી માંગી લેવા માટે પણ પ્રદેશ હાઈકમાન્ડે કિરિટ પટેલને સ્પષ્ટ સુચના આપી હતી. એજ કારણ છેકે, પછી આ નેતાએ નીચુ મોંઢું નાંખીને સોશિયલ મીડિયા પર આવીને માફી માંગવાની ફરજ પડી.

પહેલાં મન ફાવે તેમ બોલવું, કોઈકને ઉતારી પાડવા, કોઈની જ્ઞાતિ-જાતિ વિશે વિવાદિત ટિપ્પણી કરવી..અને પાછળની મામલો વધુ ગરમ થાય એટલે માહોલ જોઈને માફી માંગી લેવી. હવે આ વસ્તુ ધીરે ધીરે ભાજપની આદત બની રહ્યું છે. પરંતુ નેતાઓ પહેલા વાણીવિલાસ કરે પછી માફી માંગી લે તેને હવે જનતા શાંખી લેવા તૈયાર નથી. ચૂંટણી પહેલા ભાજપના નેતાઓનો આવો વાણી વિલાસ ભાજપને નુકસાન કરી શકે છે.

### સાયબર ક્રાઈમ સેલે એક અજીબોગરીબ કિસ્સો ઉજાગર કર્યો

# ડેન્ટિસ્ટની ઓફર ઠુકરાવી સાયબર ક્રાઈમની દુનિયામાં ઝંપલાવ્યું

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદમાં સાયબર ક્રાઈમ સેલે એક અજીબોગરીબ કિસ્સો ઉજાગર કર્યો છે. એક એવા આરોપીને ઠગાઈના કેસમાં પકડ્યો છે પહેલા **MBBS** તબીબ બનાવ માગતો હતો. ગુજકેટની પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતા **BDS**માં પ્રવેશ મળતો હતો,પરંતુ તેને **BDS**માં પ્રવેશ ન લીધો અને રૂપિયા કમાવવાની લાલચે ગુનાખોરીના કાદવમાં કૂદી ગયો. અને પછી નકલી **CBI** ઓફિસર બની એવા કાવતરા કર્યા કે આખરે પોલીસે તેને દબોચી લીધો.

નકલી **CBI** ઓફિસર બની લોકોને ધમકાવી ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગના ઝડપાયેલા ૧૩ સાગરીતો પૈકી એક આરોપી મોઈન ઈંગોરીયા જો ધારત તો દંત ચિકિસક બની શક્યો હોત. પરંતુ કિસ્મતને અહીં અલગ મંજૂર હતું. તેને **MBBS** તબીબ બનવું હતું, પરંતુ માર્ક્સ ઓછા આવતા તેને મ્ઢજીમાં પ્રવેશ મળતો હતો,પરંતુ તેને **BDS**માં પ્રવેશ ન લીધો અને રૂપિયા કમાવવાની લાલચે ગુનાખોરી ના કાદવમાં ખુંપી ગયો. મૂળ ધોરાજીના વતની ૨૬ વર્ષીય મોઈન ઈંગોરીયાની અમદાવાદ સાયબર ક્રાઈમ સેલ દ્વારા તેના અન્ય ૧૨ સાગરીતો સાથે ગયા સપ્તાહે ધરપકડ કરી હતી તમામ ૧૩ જણા પર આરોપ છે કે તેઓએ માઈકા ના પૂર્વ વાઈસ પ્રેસિડેન્ટ શૈલેન્દ્ર મહેતાને ડરાવી ધમકાવી ઓનલાઈન ડીઝીટલ એરેસ્ટ કરી ૧.૫ કરોડ રૂપિયા પડાવ્યા હતા. ૧૯૯૭માં જન્મેલ મોઈન ઈંગોરીયા એ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું, ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષામાં તેને ૮૫ ટકા જેટલા માર્ક્સ મેળવ્યા હતા, તેને **MBBS** ડોકટર બનવું હતું અને ગુજકેટની પરીક્ષા આપી હતી, તેને ગુજકેટની પરીક્ષા પાસ કરી પરંતુ અપેક્ષિત માર્ક્સ નહીં મળતા તેને સ્મ્મ્જીમાં પ્રવેશ નહીં મળ્યો, તેને **BDS** માં પ્રવેશ મળતો હતો પરંતુ મોઈનને દંત ચિકિત્સક બનવું નહોતું. તેને ઈચ્છીત તબીબી ફિલ્ડમાં જવા નહીં મળતા તે માર્ગ ભટકી ગયો અને ગુનાખોરીના કાદવમાં ખુંપી ગયો. મોઈને નકલી લકઝરી ઘડિયાળો વેચવાથી ગુનાખોરીની દુનિયામાં એન્ટ્રી કરી, તે બાદમાં ઓનલાઈન ગેમિંગના રવાડે ચઢ્યો અને પછી આંગડીયાઓની મદદ થી નાણાકીય હેરાફેરી માં સંડોવાયો.આ દરમ્યાન તે ઓનલાઈન સાયબર માફિયાઓના સંપર્કમાં આવ્યો, એક વર્ષ પૂર્વે ક્રિપટો કરન્સીથી ઠગાઈની રકમ મેળવતી ઓનલાઈન સાયબર ગેંગનો તે ખુદ શિકાર બન્યો અને ત્યાર પછી તે ખુદ પણ આવી રીતે ઓનલાઈન ઠગાઈ કરતી ગેંગનો સાગરીત બની ગયો. મોઈનને એ ગેર સમજ હતી કે ઓનલાઈન ક્રાઈમ કરવાથી કાયદાની પકડમાં આવી શકાશે નહીં અને ખૂબ મોટી રકમ કમાઈ લેવાશે પરંતુ તેની આ ધારણા ખોટી પડી, તે હવે તેના અન્ય ૧૨ સાગરીતો સાથે અમદાવાદ સાયબર ક્રાઈમ સેલનાના સકંજામાં છે અને તેની ગેંગ ના મુસ્તફા નેવી વાલા સહિત ના અન્ય આરોપીઓને પકડવા અમદાવાદ સાયબર ક્રાઈમ સેલની જુદી જુદી ટિમો કાર્યરત છે.

# રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે બ્રિજ પર પડ્યું ગાબડુ

પ્રતિનિધિ દ્વારા

અમરેલી, તા. ૨૩

રાજયમાં ભ્રષ્ટાચારનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. અમરેલીમાં રાજુલા-સાવરકુંડલા સ્ટેટ હાઈવે ઉપર બ્રિજ શરૂ કરતા જ ગાબડું પડ્યું છે. ૨ માસ પહેલા જ બ્રિજ ખુલ્લો મુકવામાં આવ્યો હતો અને આજે ગાબડું પડ્યું છે. મસમોટા ગાબડાને લઈ નબળી ગુણવતા સામે આવી છે. વીડિયો વાયરલ થતા સ્ટેટ હાઈવેના કર્મચારીઓ દ્વારા એક સાઈડનો બ્રિજ બંધ કર્યો અને એક બ્રિજ શરૂ રાખ્યો હતો. ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાકીદે ગાબડું બુરવા આદેશ આપવામાં આવ્યો છે.ગત મહિને પીએમ મોદીએ અમરેલીને મોટી ભેટ આપી હતી. સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લા માટે મંજુર થયો હતો. તેમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં-૩૫૧ ના ગાવડકા ચોકડી થી બગસરા સુધીના ૧૯ કિલોમીટરની લંબાઈના રસ્તાનુ રૂપિયા ૧૨૯ કરોડના ખર્ચે ૧૦ મીટર પહોળો કરવાની કામગીરી હાથ ધરાશે.

### પરીક્ષાના વહેલાં પરિણામ માટે કામગીરી આડે અવરોધ

# કોપી કેસમાં ચૂંટણી આચાર સંહિતાનું ગ્રહણ લાગ્યું, કામગીરી અટકી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા દરમિયાન અને ત્યારબાદ સીસીટીવી ફૂટેજની ચકાસણીમાં કોપી કરતા પકડાયેલા વિદ્યાથીઓના નિર્ણયનો મામલો ચૂંટણીના પગલે અટકી પડ્યો છે. આચાર સંહિતાને કારણે બોર્ડની પરીક્ષા સમિતિની બેઠક થતી ન હોવાથી નિર્ણય લેવામાં વિલંબ થયો છે.

એક બાજુ શિક્ષણ બોર્ડ વહેલું પરિણામ જાહેર કરવા યુદ્ધના ધોરણે કામગીરી કરી રહ્યું છે તો બીજી બાજુ પરીક્ષા સમિતિની બેઠક ન મળવાને કારણે કામગીરી અટકી છે. શિક્ષણ બોર્ડે રાજ્ય ચૂંટણી પંચમાં ૧૦ દિવસ પહેલા દરખાસ્ત કરી હતી, પરંતુ હજુ સુધી બોર્ડને જવાબ મળ્યો નથી. જેથી શિક્ષણ બોર્ડના સભ્ય ડો. પ્રિયવદન કોરાટે સત્ત્વરે નિર્ણય કરવા બોર્ડ સમક્ષ માગ કરી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં લેવામાં આવેલી ધોરણ- ૧૦ અને ૧૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું કામ યુદ્ધના ધોરણે કામ ચાલી રહ્યું છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે ખૂબ જ વહેલુ પરિણામ જાહેર કરવા માટેની તૈયારીઓ પણ કરાઈ છે. જોકે, બીજી બાજુ પરીક્ષા દરમિયાન થયેલા કોપી કેસ તેમજ પરીક્ષા બાદ સીસીટીવીના ફૂટેજની ચકાસણી દરમિયાન ધ્યાને આવેલા ગેરરીતિના કેસ અને ઉત્તરવહી મૂલ્યાંકન દરમિયાન ધ્યાને આવેલા સામૂહિક કોપી કેસના નિકાલ માટે પરીક્ષા સમિતિની બેઠકમાં હિયરીંગ કરી નિર્ણય લેવામાં આવતા હોય છે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા સમિતિ બોલાવી ગુણદોષના આધારે નિર્ણય કરવા માટે ચૂંટણી આચાર સંહિતાને કારણે શિક્ષણ બોર્ડે ૧૦ દિવસ પહેલા ચૂંટણી પંચને મંજૂરી માટે દરખાસ્ત કરી છે, જેનો કોઈ પ્રત્યુત્તર શિક્ષણ બોર્ડને નહીં મળવાને કારણે પરીક્ષા ગેરરીતિનો મામલો અટક્યો છે. ઉલ્લેખનીય છે કે, દર વખતે અમુક નિર્દોષ વિદ્યાથીઓ નિર્દોષ છૂટતા હોય છે. તેનું પરિણામ જાહેર કરવામાં આવતું હોય છે. આવા નિર્દોષ વિદ્યાથીઓની કારકીર્દિનો પ્રશ્ન ઊભો થયો છે. આ વખતે પરીક્ષા સમિતિ ચૂંટણી આચાર સંહિતાને કારણે મળી શકી ન હોય આ મામલો ગુંચવાયો છે. શિક્ષણ બોર્ડની પરીક્ષા વખતે ૪૨ જેટલા વિદ્યાથીઓ કોપી કરતા પકડાતા તેમની સામે કોપી કેસ કરાયો હતો.

### અમદાવાદના ભુલાભાઈ ચાર રસ્તા પરની ઘટના

# AMTS બસની ટક્કરે યુવકનું કમકમાટીભર્યું મોત થયું

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદમાં ફરી એકવાર **AMTS** બસે માતેલા સાંડની જેમ દોડીને એક યુવકનો જીવ લીધો છે. મોતની સવારી બનીને ઘૂમતી **AMTS** બસની અડફેટે ટુ વ્હીલર ચાલકનું મોત નિપજ્યુ છે. અમદાવાદના ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા પાસે **AMTS** બસે બાઈક ચાલક યુવકને અડફેટે લઈને કચડ્યો હતો તેમાં પણ માનવતા ભૂલેલો ડ્રાઈવર અકસમાત સર્જીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો. એક સેકન્ડ પણ ગાડી ઉભી રાખીને તેણે નીચે ઉતરવાની તસ્દી લીધી ન હતી. આ ભયાવહ અકસ્માતના સીસીટીવી સામે આવ્યા છે.

અમદાવાદના મણિનગર વિસ્તારના ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા પાસે અકસ્માતની આ ઘટના બની હતી. એએમટીએસની ટક્કરે યુવાનના કમકમાટીભર્યા મોતનો વીડિયો સામે આવ્યો છે. શહેરના ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા પાસે એએમટીએસની ટક્કરે એક્ટિવા ચાલકનું મોત નિપજ્યું છે. અકસ્માત સર્જી એએમટીએસ બસ ચાલક ત્યાંથી રમરમાટ ગાડી દોડાવીને ફરાર થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે, અકસ્માત સર્જનાર બસની એજન્સી અર્હમ ટ્રાવેલ્સ છે. અર્હમ ટ્રાવેલ્સના માલિક મણિનગરના પૂર્વ કોર્પોરેટર આનંદ ડાગા છે. તો બીજી તરફ, આનંદ ડાગાના પત્ની શિતલ ડાગા હાલ એએમસીમાં ભાજપના દંડકના પદે છે. જોકે, સમગ્ર અકસ્માતમાં એએમટીએસ દ્વારા એજન્સીને ફક્ત ૨ લાખનો દંડ કરી સંતોષ માનવામાં આવ્યો.

# રાજકોટમાં મુસ્લિમ યુવકે ૮ વર્ષ સુધી વિધવા સાથે દુષ્કર્મ આચર્યું

પ્રતિનિધિ દ્વારા

રાજકોટ, તા. ૨૩

વર્તમાનમાં જુદી જુદી ઓળખ આપી ગુનાહિત પ્રવૃત્તિ કરનાર આરોપીઓની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. રાજકોટમાં હિન્દુના નામે વિધવા સાથે દુષ્કર્મ આચરનારા મુસ્લિમ યુવકની ધરપકડ કરાઈ છે. ક્રાઈમ બ્રાન્ચે ૩૬ વર્ષીય કુખ્યાત આરોપી યાસીન ઉર્ફે ભુરા કૈયડાની ધરપકડ કરી છે. આરોપીએ મહિલા સાથે સંબંધ રાખી લગ્નની લાલચ આપી ૮ વર્ષ દુષ્કર્મ આચર્યું હતું. પીડિત મહિલા આરોપી સાથેના સંબંધ બાદ ત્રણ સંતાનની માતા બની હતી. મહિલાને યાસીનના નામની જાણ થતા મહિલાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસે આરોપી યાસીન ઉર્ફે ભુરા કૈયડાની ધરપકડ કરી છે. રાજકોટ ડીસીપી પાર્થરાજસિંહ ગોહિલના જણાવ્યા મુજબ ૩૪ વર્ષીય મહિલા દ્વારા મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી કે, પોતે ટિફિન સર્વિસ તેમજ કપડાં વેચવાના વ્યવસાય સાથે સંકળાયેલી છે. આશરે ૧૪ વર્ષ પૂર્વે તેના પતિએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ત્યારબાદ તેમના સંપર્ક યાસીન ઉર્ફે ભૂરા સાથે થયો હતો. સંપર્ક થતા બંને વચ્ચે ફોનના માધ્યમથી વાતચીત પણ થતી હતી. તેમજ યાસીન ઉર્ફે ભૂરો અવારનવાર મળવા પણ આવતો હતો.

### અમદાવાદ શહેરના સાયન્સ સિટી વિસ્તારમાં

# ડેરી પાર્લરના સંચાલકે આઈસક્રીમ લેવા આવેલી સગીરાને અડપલાં બાદ છેડતી કરી

પ્રતિનિધિ દ્વારા

અમદાવાદ, તા. ૨૩

અમદાવાદ શહેરના બોડકદેવ પોલીસ સ્ટેશનની હદમાં આવતા સાયન્સ સિટી વિસ્તારના ડિવાઈન રોડ પર આવેલા એક ડેરી પાર્લરમાં છેડતીનો બનાવ બનવા પામ્યો હતો.

એક સગીરા ડેરી પાર્લર પર આઈસક્રીમ લેવા ગઈ હતી. તે સમયે દુકાનમાં બેઠેલા આધેડે આ સગીરાને અડપલાં કરીને છેડતી કરી હતી. ગભરાઈ ગયેલી સગીરા તુરંત જ તેના ઘરે માતા પાસે જતી રહી હતી અને રડવા લાગી હતી. જેથી સમગ્ર મામલો સામે આવતા સગીરાની માતાએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા બોડકદેવ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સાયન્સ સિટી વિસ્તારમાં રહેતા એક વેપારી પત્ની અને સંતાન સાથે રવિવારે ઘરે હતા. વેપારીની ૧૪ વર્ષની પુત્રી રાત્રે સાયન્સ સિટી પાસે આવેલા ડિવાઈન રોડ પર આવેલા ખાનગી પર આઈસક્રીમ લેવા ગઈ હતી. સગીરાએ દુકાન પર જઈને આઈસક્રીમ માંગ્યો ત્યારે ત્યાં કાઉન્ટર પર બેઠેલા આધેડે છેડતીના ઈરાદે સગીરાના ગાલ પકડ્યા હતા. આધેડ દુકાનદારના આ વર્તનથી સગીરા ગભરાઈ જતા તે ભાગવા જતી હતી ત્યારે આરોપીએ બાથ ભરી હતી. જેથી ગભરાઈ ગયેલી સગીરા ત્યાંથી ભાગીને ઘરે જતી રહી હતી. રડતી હાલતમાં સગીરા ઘરે આવતા તેના માતા-પિતાએ પૂછપરછ કરતા તેણે દુકાનદારે કરેલી હરકત બાબતે વાત કરી હતી. જેથી સગીરાના માતા-પિતા તાત્કાલિક બોડકદેવ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. જ્યાં તેમણે કિરણભાઈ પટેલ નામના દુકાન સંચાલક સામે ફરિયાદ આપતા બોડકદેવ પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. સગીરાઓ સાથે છેડતી તથા દુષ્કર્મના બનાવો સતત વધી રહ્યા છે. તાજેતરમાં નારોલ અને સરખેજમાં પણ આ પ્રકારના બનાવો સામે આવ્યા હતા. તમામ વાલીઓએ તેમાન સંતાનો માટે સતત જાગૃત રહેવું જરૂરી છે. સંતાનો જ્યારથી સમજુ થાય ત્યારથી જ તેમને ગૂડ ટચ અને બેડ ટચના પાઠ શીખવવા જરૂરી છે. આ પાઠ શીખવવાથી આ પ્રકારના બનાવોને રોકી શકાશે.